# કોરોના પછી પ્રથમવાર શાળામાં ઓફલાઈન પરીક્ષા

## જિલ્લાની શાળાઓમાં ધો. ૯ થી ૧૨ ની એકમ કસોટી શરૂ : કોરોનાનો ડર ધીમે ધીમે દૂર થઈ રહ્યો છે

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ધો. ૯ થી ૧૨ની શાળાઓમાં કોરોના પછી પ્રથમવાર ઓફલાઈન પરીક્ષાનો સોમવારથી પ્રારંભ થયો. કોરોનાનો ડર ધીમે ધીમે દૂર થઈ રહ્યો છે. કેટલીક શાળાઓમાં બોર્ડ પરીક્ષાની જેમ જ એકમ કસોટીનું આયોજન જોવા મળ્યું. કોરોનાના હાહાકાર વચ્ચે ધો. ૧ થી ૧૨માં માસ પ્રમોશનના કારણે તેનો વિપરીત પરીણામોની દહેશત છે. લર્નીંગ લોસ ચિંતાજનક હોવાનું પ્રાથમિક તારણ છે ત્યારે પ્રથમવાર શાળામાં તા. ૧૮ ઓક્ટોબરથી ધો. ૯ થી ૧૨ની એકમ કસોટીનો પ્રારંભ થયો. જિલ્લાના ૧૦ નોડલમાં સમાવિષ્ટ શાળાઓમાં ઓફલાઈન એકમ કસોટી શરૂ થઈ ત્યારે પ્રથમવાર ૨૨ મહીના પછી પરીક્ષા જેવો માહોલ શાળામાં જોવા મળ્યો. ઓફલાઈન પરીક્ષા તા. ૨૮ ઓક્ટોબરે પુરી થયા પછી તુરત જ



દિપાવલી વેકેશન પડશે. ઓફલાઈન પરીક્ષા કેટલાય વિદ્યાર્થીઓ પ્રથમ દિવસથી સજ્જ જોવા મળ્યા તો કેટલાક વિદ્યાર્થી ઓફલાઈન પરીક્ષાથી ડીપ્રેશનમા હોય તેવી સ્થિતિ જોવા મળી કેટલીક શાળાઓમાં ૧૦૦ ટકા તો કેટલીક શાળાઓમાં ૪૦ થી ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી. એકમ કસોટીના પરીણામ ઉપરથી ખ્યાલ આવશે કે કોરોના શિક્ષણ ઉપર કેટલી હદે હાવી થયો છે. એકમ કસોટીનું આયોજન થતાં વાલીઓ પણ ઉત્સાહીત જોવા મળ્યા પ્રથમ દિવસે અનેક વિદ્યાર્થીઓ મિશ્ર ઋતુના કારણે વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં આવ્યાનું જણાતા આવા વિદ્યાર્થીઓને શાળામાં એકમ કસોટીમાં હાજર ન રહેતા કેટલીક શાળાના આચાર્યો અને શિક્ષકોએ તાકીદ કરી એકમ કસોટીની પ્રશ્નપત્ર તેમના ઘરે મોકલવાની વ્યવસ્થા કરી છે.

# ટામેટાંની પેટ્રોલ-ડીઝલ પાછળ આંધળી દોટ!!

## લાલચોળ ટામેટાં : જિલ્લામાં ટામેટાંના ભાવ રૂ. ૯૩ની સપાટીએ : રસોડા-ફ્રિજમાંથી ઝડપથી અદૃશ્ય થતાં ટામેટાં

બાયડ, તા. ૧૯

ઈંધણમાં બે કાબુ બનતા ભાવથી ગરીબ-મધ્યમવર્ગના વાહનચાલકો હેરાન પરેશાન થયા છે ત્યારે હવે ટામેટાંએ પણ લગ્નસરાની સીઝન ખુલવાની છે ત્યારે ટામેટાંના વધેલા ભાવથી ભોજનની ડીશ વધુ મોંઘી થઈ શકે છે.

જ્યારે ટામેટાંના ભાવમાં દિલ્હીથી



પેટ્રોલ-ડીઝલની પાછળ આંધળી દોટ લગાવતાં ટામેટાંના ૧ કિલોનો ભાવ અધધ રૂ. ૯૩ને આંબી રહ્યો છે.

શાકભાજીના વધતા ભાવથી અત્ર-તત્ર-સર્વત્ર ચિંતા છે. ઓછો વરસાદ પછી પાછલા વરસાદથી અનેક વિસ્તારોમાં શાકભાજી બગડી જતાં વેપારીઓને પ્રજાને શાકભાજીમાં લૂંટવાનો કારસો શરૂ કરી દીધો છે. ડુંગળી અને ટામેટાંના ભાવ વધતાં હવે રસોઈનો સ્વાદ બે સ્વાદ બની રહ્યો છે. આગામી નવેમ્બરમાં ગુજરાત સુધી ભડકો જોવા મળી રહ્યો છે.

પેટ્રોલ-ડીઝલના વધતા ભાવથી અનેક લોકોએ અનિવાર્ય મુસાફરી સિવાય બહાર જવાનું ટાળી રહ્યાં છે. ત્યારે ટામેટાંના વધતા ભાવ આ વખતે સરકાર સામે રોષનું કારણ બનવાની સંભાવના વધુ છે. ટામેટામાં આ રીતે ભાવ વધારાની ગતિ જળવાય તો ઓક્ટોબરના અંતમાં ટામેટાંનો ૧ કિલોનો ભાવ રૂ. ૧૦૦ને આંબી જવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

### હોટલ-રેસ્ટોરન્ટમાંથી ટામેટાં-ડુંગળી અદૃશ્ય થવાની તૈયારીમાં

શિયાળો જામી રહ્યો છે. પ્રજા શરીરની સ્ફૂર્તી જાળવવા ટામેટાં-ડુંગળીના કચુમ્બરનો ભરપુર ઉપયોગ કરતી હોય છે પરંતુ અત્યારથી જ ટામેટાં-ડુંગળીના ભડકે બળતા ભાવથી હોટલ-રેસ્ટોરન્ટની ડીસમાંથી ટામેટાં-ડુંગળી અદૃશ્ય થઈ જવાની તૈયારીમાં છે.

# રાજ્ય સરકારમાં કર્મચારી ભરતીનો ધમધમાટ

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તાલીમ વર્ગો ખુલ્યા : બિલાડીના ટોપની માફક ખુલેલા ક્લાસીસમાં છેતરપીંડીની આશંકા

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા શરૂ થવાની છે જેથી સાબરકાંઠા-અરવલ્લીમાં અનેક સમાજ દ્વારા તાલીમ વર્ગ ખોલી સમાજના વધુને વધુ ઉમેદવારો નોકરી મેળવે તેવા પ્રયાસ જોવા મળ્યા તો બીજી તરફ તગડી ફી ઉઘરાવી ૧૦૦ ટકા નોકરીની ગેરંટી સાથે બિલાડીના ટોપની માફક ખુલેલા ક્લાસીસમાં છેતરપીંડીની આશંકા વધી છે.

જિલ્લાના શહેરી તથા તાલુકા મથકોએ કોઈપણ પ્રકારની નોંધણી વગર ક્લાસીસ ખુલી ગયા છે. કોરોનાના કારણે મોટા ભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ મુલત્વી રહી...અગાઉની સરકારે નિવૃત્ત સરકારી બાબુઓને કરાર આધારીત પોલીંગ આપી અનહદ ભ્રષ્ટાચારની તક આપી અને બેરોજગારોની નારાજગી વહોરી હતી. હવે નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેરોજગારોને રોજગારી મળે તે માટે વિવિધ સંવર્ગમાં ભરતીઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ સંજોગોમાં ભરતી પરીક્ષા માટે અનેક ઉમેદવારોએ તૈયારીઓ શરૂ કરી છે. કોરોનાના કારણે કોચીંગ આપતા ક્લાસીસ બંધ હોવાથી અનેક ઉમેદવારો ઓનલાઈન ક્લાસીસમાં જોડાયા પરંતુ તેમાં ઓફલાઈન શિક્ષણ જેવી મજા નથી. હવે સરકાર દ્વારા તમામ કોચીંગ ક્લાસ ખોલવાની છૂટ આપતાં સ્પર્ધાત્મક પરીક્ષાના કોચીંગ ક્લાસ ધમધમી રહ્યા છે. પરંતુ તેમને ફી વધારતાં ગરીબ-મધ્યમ વર્ગના ઉમેદવારો માટે તગડી ફી અસહ્ય થઈ પડી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફાયર સેફ્ટીની સુવિધા વગર કોચીંગ ક્લાસ શરૂ થતાં તંત્રની બેધારી નીતિ સામે ખાસ કરીને પ્રાથમિક શાળાના શિક્ષકો-વાલીઓ પણ રોષે ભરાયા છે.

# કાર્યકર્તા એકબીજા પ્રત્યે વિશ્વાસ જગાડવું જરૂરી છે તેના માટે એકબીજા જોડે સંવાદ કરો : રત્નાકરજી

## પ્રદેશના પૂર્વ મહામંત્રી અને ઉત્તર ઝોનના પ્રદેશમાં વર્ગના ઇન્ચાર્જ કે.સી. પટેલ ના માર્ગદર્શન હેઠળ વર્ગનો પ્રારંભ થયો

બાયડ તા.૧૯

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લાના આજરોજ ત્રણ દિવસ યોજાયેલ પ્રશિક્ષણ સત્રમાં પ્રથમ સત્રમાં પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી વિકાસ, કાર્યકર્તાની ભૂમિકા અને કાર્યકર્તાની સાવધાની પણ રાખવી જરૂરી છે. રત્નાકરજી વધુમાં જણાવેલ કે ૧૯૫૧થી યાત્રા શરૂ કરી આજે ૨૦૨૧ માં પણ આપણી વિચારધારા આપણી કામ સામૂહિકતા માં પણ પરસ્પરિકતા જરૂરી છે, રત્નાકરજી વધુમાં જણાવેલ કે, ઘણી વખત નીકટતા વાળો વ્યક્તિ પણ વિરોધી બની જાય છે. આપણી આવશ્યકતા પૂરી થશે પરંતુ તેનું પરિણામ નહીં મળે આપણાં માટે મહત્ત્વ છે સંગઠન અને કાર્ય નું સ્વરૂપ સમજી લેવાથી સર્વગ્રાહી બનો એકબીજા પ્રત્યે વિશ્વાસ સપન્ન કરી નિત્ય નિયમિત બેઠકો કરવી જરૂરી છે, કોંગ્રેસ વિશે વાત કરતા જણાવેલ કે આજે વિજયભાઈ પંડ્યા, કનુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રહેવર સહિત સમગ્ર અપેક્ષિત કાર્યકરો, હોદ્દેદારો હાજર રહેલ. કાર્યક્રમના અધ્યક્ષ પ્રફુલભાઈ વ્યાસ હતા, કાર્યક્રમનું સંચાલન પ્રેમલ દેસાઈએ કરેલ




એ આપણી કાર્ય પદ્ધતિ, સંગઠન સંરચના માં આપણી ભૂમિકા વિશે કાર્યકરોને માર્ગદર્શન આપતા જણાવેલ કે આપણે વારંવાર બેઠકો કરવાની આપણી તાકાતમાં વધારો થાય છે આપણે સમગ્ર ભારતમાં મહોલ્લા સુધી દરેક સ્તર પર ભાજપના કાર્યકર્તા હોવો જોઈએ તેમને આપણે વિચારધારાથી માહિતી આપવી જોઈએ આપણે આ પ્રશિક્ષણ વર્ગ થી ભાજપ ના કાર્યકર્તાને મજબૂત કરવા માટે પ્રશિક્ષણ વર્ગ સહાયક બનશે કોઈ વિષયમાં તમારું સ્પષ્ટીકરણ હોય તો તમને તેની જાણકારી મળશે. કાર્યકર્તા નું નિર્માણ કાર્યકર્તાનો કરવાની પદ્ધતિ છેવાડાના માનવીને સાથે રાખી આપણે કિનારા કર્યા નથી દરેકને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં લાવવાનો આપણો પ્રયાસ રહેલો છે આપણા ઉપર અનેક આરોપ લગાવ્યા છતાં પણ આપણે સિદ્ધાંતો સાથે બાંધછોડ કર્યા નથી આપણે સૌને સાથે લઈ વિકાસની યાત્રા ચાલી છે, કાર્યકર્તા ના ઉદ્દેશ સાથે સંગઠનની તાકાત સાથે આપણે કામ કરીએ છીએ, તેથી જ સંગઠનની તાકાત કાર્યકર્તા છે આપણે આવનારી પેઢી નો વિચાર કરી કામ કરીએ છીએ અને તે કામ સામૂહિકતા ના આધારે આપણે નિર્ણય કરીએ છીએ, તેથી સંવાદ જરૂરી છે ધારાસભ્ય પણ કાર્યકર્તાના ત્યાં કામ ન હોય તો પણ વારંવાર મુલાકાત કરે તેમની વાત સાંભળે તેવું નિર્માણ કરો તો તમે ક્યારેય ચૂંટણી હારશો નહીં તેથીજ સમાજ આપણું નેતૃત્વ સ્વીકારે છે આપણો સ્વભાવ સરળતા માં લાવવો જોઈએ તેનાથી આપણી તાકાત વધે છે આપણું કાર્ય સર્વ વ્યાપી બનાવવાનો આ વર્ગ નો હેતુ છે.

સંગઠન પેજ કમિટીના કારણે સરકાર બની અને સરકાર લાંબો સમય ચાલે તેના માટે આવા વર્ગો જરૂરી છે દરેક વોટર ના સંપર્ક માં રહી તેમનો વિશ્વાસ જીતવો કોંગ્રેસ અસ્તિત્વ માં નથી તેનું કારણ તેમના કાર્યકરો નો સંપર્ક જતો રહ્યો તેમની બેઠકો બંધ થઈ તેનાથી કોંગ્રેસ તૂટી પડી. આપણે બેઠકો, પ્રવાસ અને સંપર્ક થી કાર્યક્રમોનું નિર્માણ થાય છે.

આજની આ બેઠકમાં પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ, પૂર્વ મહામંત્રી શ્રી કે સી પટેલ, પ્રદેશ મંત્રી પંકજભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, સાંસદ દિપસિંહ રાઠોડ, રમીલાબેન બારા, મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, મહામંત્રી કાર્યક્રમની શરૂઆતમાં રત્નાકરજીએ મણિભદ્રવીર ના દર્શન કરી આશીર્વાદ લીધા તેમની સાથે રજનીભાઈ પટેલ, કે.સી. પટેલ, જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ વિગેરે જોડાયા હતા.

કાર્યક્રમ પહેલાં સાબરકાંઠા જિલ્લા દ્વારા રાખેલ પ્રદર્શન નું પણ રત્નાકરજી, કે. સી. પટેલ, રજનીભાઈ પટેલ સાહેબે નિરીક્ષણ કરેલ સાથે જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી જોડાયા હતા. પ્રદર્શનમાં જનસંઘથી માંડી પક્ષની યાત્રા વિશે માહિતી, ફોટોગ્રાફ મુક્યા હતા.

# એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટે પણ જામીન અરજી ફગાવતાં મનીષ બ્રહ્મભટ્ટ ફરી જેલને હવાલે

## છેલ્લા ૧૨ દિવસથી જેલમાં છે મનીષ બ્રહ્મભટ્ટ : ઉશ્કેરણીજનક નિવેદનો થકી સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માગતા તત્ત્વો માટે ચેતવણીરૂપ કિસ્સો

સોશિયલ મીડિયામાં બેફામ વાણીવિલાસ કરીને બનાસ ડેરી અને ચેરમેન વિરુદ્ધ મનઘડત આક્ષેપો કરવાનું મનીષ બ્રહ્મભટ્ટને આખરે ભારે પડ્યું છે. જ્યુડિશિયલ કસ્ટડી બાદ રિવિઝન અરજીને આધારે સેશન્સ કોર્ટે બે દિવસના રિમાન્ડ પણ આપ્યા હતા. રિમાન્ડ પૂરા થતાં જામીન માટેની અરજી પણ છઠ્ઠા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ, પાલનપુર શ્રી આર.પી.મોગેરા સાહેબે ફગાવીને નામંજૂર કરતા તેને પુનઃ જેલને હવાલે કરવામાં આવ્યો છે.

સરકારી વકીલ શ્રી દીપકભાઈ પુરોહિતની ધારદાર રજૂઆતો ને ધ્યાને લઈ આરોપી મનીષ બ્રહ્મભટ્ટની જામીન અરજી નામંજૂર કરતા કોર્ટે એવું તારણ કાઢ્યું હતું કે આરોપી ગુનાહિત માનસ ધરાવે છે તેની ઉપર ૧૨ જેટલા ગંભીર ગુના નોંધાયેલ છે.

પોલીસને પોતાના ખોટા સરનામા આપીને ત્રીજા સરનામે મળી આવતાં તપાસમાં સહકાર આપતો નથી એટલું જ નહીં આરોપી સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ મૂકી બ્લેકમેલીંગ કરી લોકો પાસેથી પૈસા પડાવે છે. આરોપીએ સોશિયલ મીડિયામાં મેસેજ/ક્લિપ મૂકી ચોક્કસ જ્ઞાતિઓમાં અશાંતિ ફેલાવવાનો પ્રયત્ન કરે છે અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવા અને સમાજમાં અશાંતિ ફેલાવવા ના ઈરાદાથી સોશિયલ મીડિયામાં મેસેજ મૂક્યા છે. આરોપીએ પોલીસે અટક કર્યા બાદ ત્રાગું કરીને ખાવા પીવાનું બંધ કરી પોલીસ તપાસમાં સહકાર આપેલ નથી. કોર્ટે એમ પણ નોંધ્યું છે કે વાણી સ્વતંત્રતા નો અર્થ એવો નથી કે કાયદાનો ભંગ કરી શકે એટલું જ નહીં જો આરોપીને જામીન આપવામાં આવે તો જામીન મળ્યા બાદ આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળો હોઈ તેના જામીન નામંજુર કરવામાં આવે છે.

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આસો સુદ તેરસના દિવસે ધાનેરા મામા બાપજી મંદિર ખાતે કિશોરસિંહ રાવ તેમજ મોડસિંહ રાવ દ્વારા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું

ધાનેરામાં કોઈપણ સેવાકીય પ્રવૃત્તિ કે ધાર્મિક પ્રવૃત્તિ હોય તો તેમા ધાનેરા ના સેવાભાવી કિશોરસિંહ રાવ તેમજ તેમના પુત્ર મોડસિંહ રાવ નું નામ મોખરે હોય છે આ બંને પિતા-પુત્ર દ્વારા ધાર્મિક તેમજ ગરીબોને મદદરૂપ બની અનોખી સેવા આપી રહ્યા છે ત્યારે આજે આસો સુદ તેરસના દિવસે ધાનેરા મામા બાપજી ના મંદિર ખાતે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ અને મોટી સંખ્યામાં લોકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# અરવલ્લી : સરકારે ખાતરમાં આઠ મહિનામાં ત્રીજી વાર ભાવ વધારો કર્યો : ખેડૂતોનો ઉગ્ર રોષ જોઈ પરત ખેંચવાની ફરજ પડી, ખેડૂતોમાં આક્રોશ

અનિયમીત ખરીફ સીઝન, વરસાદની વિચિત્ર સિસ્ટમ તેમજ પેટ્રોલ અને ડિઝલના ભાવવધારા વચ્ચે રાસાયણિક ખાતરો ઉપર કરાયેલો ઓચીંતો ભાવવધારો જગતના તાત ખેડૂતો માટે વ્રજઘાત સમાન સાબીત થયેલ હોય તત્કાલ સહાય જાહેર કરી તમામ ભાવ પૂર્વવત કરવા ભારતીય કિસાન સંઘના આગેવાનોએ માંગ કરી હતી ઈફકોએ ખાતરની એક થેલી પાછળ ૫૦૦ રૂપિયાનો જંગી ભાવ વધારો ખેડૂતોમાં પ્રચંડ વિરોધ ઉઠતા આખરે કેન્દ્ર સરકારે ભાવ વધારો પરત ખેંચવાની ફરજ પડી હતી ખેડૂતો સાથે સરકાર રમત રમી રહી હોવાનો અહેસાસ ખેડૂતો અનુભવી રહ્યા છે આઠ મહિનામાં ત્રીજી વાર રાસાયણીક ખાતરોમાં ભાવ વધારો સરકારે પાછો ખેંચી લીધો હતો.

રવિ સીઝનની વાવણી પૂર્વે જ જગતના તાત કિસાનોને રાસાયણિક ખાતરના ભાવવધારાનો ફટકો લાગતા ખેડૂતો ચિંતામગ્ન બન્યા હતા ચાલુ વર્ષના પ્રારંભથી જ કિસાનો માથે જાણે કે, પનોતી બેઠી હોય તેમ અગાઉ તૌઉતે વાવાઝોડાથી લઈને આજ સુધી એક પછી એક આફતો આવી રહી છે. ગત વર્ષના પાક વિમાની બાકી રકમો તથા ૪ ટકા વ્યાજ સહાયના લાખો કિસાનોના નાણા જેવા અનેક પ્રશ્નો તો હજુ બાકી જ છે ત્યારે ચાલુ વર્ષે પ્રથમ વાવાઝોડા બાદ વરસાદનો વિલંબ બાદ કયાંક અતિવૃષ્ટિ કયાંક સીઝન લેવા માથે પાછોતરો વરસાદ એમ ક્રમશ સંઘર્ષોનો સામનો કરી રહેલા કિસાનો માટે દિવાળી પહેલા જ જાણે કે, વળી નવી સીઝનના વાવેતર પહેલા ખાતરોમાં ભાવ વધારો કરી દેવાતા કિસાનોમાં આક્રોશની જોવા હતી.

